# સમૃદ્ધ ધાર્મિક પરંપરા અને આસ્થાના કારણે કાસોર ગામની ખ્યાતિ સમગ્ર સોજિત્રા પંથકમાં આગવી ઓળખ ધરાવે છે







**ધોળેશ્વર મહાદેવના સ્વયંભૂ સ્ફટિકશિવલિંગની વિશેષ આસ્થા, શ્રાવણના અંતિમ સોમવારે ભરાય છે લોકમેળો**

કાસોર ગામમાં આવેલા વિવિધ દેવમંદિરો સ્થાનિક લોકોની શ્રદ્ધા, સંસ્કૃતિ અને સામાજિક એકતાના જીવંત સાક્ષી બન્યા છે. સવાર-સાંજ મંદિરોમાં પૂજન-અર્ચન, આરતી તથા ધાર્મિક કાર્યક્રમોથી ગામમાં સતત ભક્તિમય માહોલ જોવા મળે છે. કાસોરમાં પૌરાણિક ધોળેશ્વર મહાદેવ, શ્રી મેલડી માતાજી, શ્રી કાળકા માતાજી, શ્રી બહુચર માતાજી, શ્રી ભાથીજી મહારાજ, રામદેવપીરના બે મંદિરો તેમજ સ્વામિનારાયણ મંદિર સહિત અનેક દેવસ્થાનો આવેલાં છે. વિવિધ તહેવારો અને ધાર્મિક પર્વો દરમિયાન આ મંદિરોમાં વિશેષ પૂજા, આરતી, ભજન-કીર્તન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાતા હોવાથી ગામમાં શ્રદ્ધા અને ભક્તિનું વાતાવરણ છવાઈ જાય છે. ગામના ધાર્મિક જીવનમાં ધોળેશ્વર મહાદેવનું સ્થાન વિશેષ છે. મંદિર ખાતે સ્વયંભૂ સ્ફટિક શિવલિંગ બિરાજમાન હોવાની સ્થાનિક લોકોમાં ગાઢ આસ્થા છે. ગામની ઉન્નતિ, સુખ-સમૃદ્ધિ અને આબાદી માટે ધોળેશ્વર દાદાની પ્રસાદી શ્રેયકર હોવાનું ગ્રામજનો માને છે. મંદિર સાથે અનેક લોકવાયકાઓ પણ જોડાયેલી છે. ગામ તથા આસપાસના વિસ્તારમાં ચોરીની ઘટના બને ત્યારે ચોરને દાદાના મંદિરે લાવી સત્ય સાબિત કરાવવાની પરંપરા હોવાની માન્યતા છે. સ્થાનિક લોકવાયકા મુજબ આવા કિસ્સામાં ચોરથી મંદિરનું પગથિયું ચઢાતું નથી. આ ઉપરાંત રબારી સમાજનું બાબર કુબેરની મેલડી માતાનું વિશાળ મંદિર પણ કાસોરની ધાર્મિક ઓળખનું મહત્વનું કેન્દ્ર છે. ખાસ કરીને રવિવાર અને મંગળવારે અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. શ્રાવણ માસના અંતિમ સોમવારે ધોળેશ્વર મહાદેવના સાનિધ્યમાં લોકમેળો ભરાય છે. કાસોર ગામમાં સમયાંતરે ધાર્મિક વિધિઓ, ભજન-કીર્તન અને મેળાની રોનક સાથે કાસોરમાં શ્રદ્ધા, સંસ્કૃતિ અને સામાજિક એકતાનો અનોખો સંગમ સર્જાય છે.

## કાસોર ગામની ભજન મંડળીઓ ધાર્મિક લોકગીતોની પરંપરા જાળવી રહી છે

સોજિત્રા તાલુકાના કાસોર ગામમાં ધાર્મિકતા અને આધ્યાત્મિકતાની પરંપરા વર્ષોથી જીવંત રહી છે. ગામમાં આવેલા વિવિધ દેવમંદિરોમાં નિયમિત પૂજન-અર્ચન સાથે ધાર્મિક પ્રસંગોએ ભજન-કીર્તનના કાર્યક્રમો યોજાય છે. આ ધાર્મિક પરંપરાને સતત જાળવી રાખવામાં ગામની ભજન મંડળીઓનું પણ મહત્વનું યોગદાન રહ્યું છે. કાસોર ગામમાં ધાર્મિકતા સભર ભજનોની પરંપરાને જીવંત રાખવાના ઉદ્દેશથી વર્ષ ૨૦૦૦ દરમિયાન ૐ નમ: શિવાય ભજન મંડળ'ની શરૂઆત કરવામાં આવી હતી. છેલ્લા ૨૬ વર્ષથી મંડળ દ્વારા વિવિધ ધાર્મિક પ્રસંગોએ ભજનોની રમઝટ બોલાવી આધ્યાત્મિક માહોલ સર્જવામાં આવે છે. માત્ર ભજન-કીર્તન પૂરતું મર્યાદિત ન રહેતાં મંડળ દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ સહભાગી બની ગામના દેવમંદિરોના વિકાસકાર્યોમાં સહયોગ આપવામાં આવે છે. કાસોરમાં મહિલાઓનું ભજન મંડળ પણ ધાર્મિક પ્રવૃત્તિઓમાં આગવી ઓળખ ધરાવે છે. મહિલાઓ દ્વારા પરંપરાગત ધાર્મિક લોકગીતો, ભજનો અને ભક્તિગીતોની રજૂઆત કરવામાં આવે છે. વિવિધ ધાર્મિક તહેવારો અને પ્રસંગોએ મહિલાઓની ભજનમંડળી દ્વારા ભક્તિભાવસભર ભજનોની રમઝટથી ગામમાં શ્રદ્ધા અને આધ્યાત્મિકતાનો માહોલ છવાઈ જાય છે. આમ, કાસોરમાં ભજન મંડળીઓ નવી પેઢી સુધી ભક્તિ, લોકસંસ્કૃતિ અને ધાર્મિક પરંપરાનું જતન કરવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. પરંપરાગત ભજનો, લોકગીતો અને ગરબા જેવી લોકકલાઓ આધુનિક મનોરંજનના માધ્યમોના વધતા પ્રભાવ વચ્ચે વિસરાતી જાય છે. ત્યારે કાસોર ગામના ભજન મંડળ વર્ષોથી પરંપરાગત લોકકલા અને ભક્તિની આ વિરાસતને જીવંત રાખવાનું ઉમદા કાર્ય કરી રહ્યું છે. મંડળની મહિલા ભજનિક કાર્યકરો દ્વારા શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં ભજન, લોકગીત અને ગરબાની રજૂઆત સાથે સાંસ્કૃતિક મનોરંજનની પરંપરાને જાળવવામાં આવી રહી છે. મનોરંજન સાથે ધાર્મિક અને ઐતિહાસિક જ્ઞાન પીરસતી આ કલાઓ હવે ધીમે ધીમે લુપ્ત થઈ રહી છે. આવા સમયમાં ભારેલનું સખી ભજન મંડળ તેના હાઉસફૂલ ભજન કાર્યક્રમો માટે આગવી ઓળખ ઊભી કરી રહ્યું છે. કાર્યક્રમોમાં મહિલાઓ પૌરાણિક અને ધાર્મિક ગાથાઓ સાથે સંકળાયેલા વિવિધ પાત્રોનો અભિનય કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરે છે.

**'ૐ નમઃ શિવાય' ભજન મંડળના ૨૬ વર્ષથી ભજનોની રમઝટ: મહિલા ભજન મંડળ પણ કાર્યરત**

# પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક સુધીની સુવિધાની ઉપલબ્ધી સાથે વિદ્યાર્થીઓમાં શિક્ષણ સિંચન થાય છે




કાસોર ગામમાં પ્રાથમિક શિક્ષણથી લઈને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાના શિક્ષણની સુવિધા ઉપલબ્ધ હોવાથી કાસોર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને પોતાના ગામ નજીક જ અભ્યાસ કરવાની તક મળી રહી છે. શિક્ષણની સાથે વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ અને જીવન ઉપયોગી કેળવણી પર પણ ભાર મૂકવામાં આવે છે.

કાસોરમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે શ્રી એમ.વી. પટેલ ધોળેશ્વર વિનય મંદિર કાર્યરત છે. શાળામાં પાઠ્યપુસ્તક આધારિત અભ્યાસ ઉપરાંત વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, શિસ્ત, આત્મવિશ્વાસ, નેતૃત્વ, સંવાદકૌશલ્ય અને સામાજિક જવાબદારી જેવા ગુણો વિકસે તે માટે વિવિધ શૈક્ષણિક તથા સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને માત્ર પરીક્ષાલક્ષી શિક્ષણ પૂરતું મર્યાદિત ન રાખી જીવનના પડકારોનો સામનો કરવા સક્ષમ બનાવવામાં મદદરૂપ બને છે. પ્રાથમિક શિક્ષણની સુવિધા માટે ગામના વિવિધ વિસ્તારોમાં આશરે સાત પ્રાથમિક શાળાઓ કાર્યરત છે. પરિણામે નાના બાળકોને ઘરથી નજીક શિક્ષણ મળી રહે છે અને પ્રાથમિક કક્ષાએ જ અભ્યાસની મજબૂત પાયાની રચના થાય છે. શાળાઓમાં રમતગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો, વાંચન, સર્જનાત્મક પ્રવૃત્તિઓ અને વિવિધ જાગૃતિ કાર્યક્રમો દ્વારા બાળકોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવામાં આવે છે.




આ ઉપરાંત કાસોરમાં આશરે ૧૩ આંગણવાડીઓ કાર્યરત છે. અહીં બાળમંદિર સ્તરના બાળકોને પૂર્વ-પ્રાથમિક શિક્ષણ સાથે પોષણ અને આરોગ્યલક્ષી સેવાઓનો લાભ મળે છે. આસપાસના ગ્રામ્ય વિસ્તારોના બાળકો માટે પણ આ સુવિધાઓ ઉપયોગી બની રહી છે. આ રીતે કાસોરમાં શિક્ષણ વ્યવસ્થા માત્ર શાળા સુધી સીમિત ન રહેતાં બાળપણથી ઉચ્ચતર માધ્યમિક કક્ષા સુધી સતત શૈક્ષણિક વિકાસની કડી ઊભી કરી રહી છે. શિક્ષણ સાથે સંસ્કાર, કૌશલ્ય અને જીવનઘડતર પર ભાર મૂકાતાં કાસોરની નવી પેઢી માટે ઉજ્જવળ ભવિષ્યનો પાયો મજબૂત બની રહ્યો છે.

# કાસોર ગામમાં આરસીસી રસ્તા, ભૂગર્ભ ગટર, શુદ્ધ પાણી અને આરોગ્ય સેવાઓ સુવિધાઓ ઉપલબ્ધ



સોજિત્રા તાલુકાનું કાસોર ગામ ગ્રામજનોની એકતા, સ્થાનિક નેતૃત્વ અને વિદેશ વસતા વતનીઓના સહયોગના સમન્વયથી વિકાસના વિવિધ ક્ષેત્રોમાં આગવું સ્થાન ધરાવે છે. ગ્રામ પંચાયત દ્વારા સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણ સાથે ગામની પ્રાથમિક જરૂરિયાતોને કેન્દ્રમાં રાખીને વિકાસકાર્યો હાથ ધરવામાં આવે છે. જેના પરિણામે કાસોર ગામ સોજિત્રા પંથકમાં 'મોડેલ વિલેજ' તરીકે ઓળખ ઊભી કરી રહ્યું છે. ગામમાં સ્વચ્છતા અને માળખાકીય સુવિધાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. વિવિધ વિસ્તારોમાં પાક્કા આરસીસી રસ્તાઓની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વરસાદી પાણીના નિકાલ અને ગંદા પાણીની સમસ્યા નિવારવા ભૂગર્ભ ગટર યોજનાની સુવિધા પણ ગામમાં ઉપલબ્ધ છે. નિયમિત સફાઈ અને સ્વચ્છતા જળવાઈ રહે તે માટે ગ્રામ પંચાયત દ્વારા જરૂરી કામગીરી કરવામાં આવે છે.ગ્રામજનોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે આરઓ પ્લાન્ટની સુવિધા ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત આરોગ્યની પ્રાથમિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ઘરઆંગણે પ્રાથમિક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાના પ્રયાસો કરવામાં આવે છે. સરકારી યોજનાઓનો લાભ ગ્રામજનો સુધી પહોંચે અને ગામના પાયાના પ્રશ્નોનું સ્થાનિક સ્તરે નિરાકરણ થાય તે માટે પંચાયત તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવે છે. કાસોરના વિકાસમાં ગ્રામજનોની એકતા સાથે વિદેશમાં વસતા વતનીઓનો વતનપ્રેમ પણ મહત્વપૂર્ણ બની રહ્યો છે. એનઆરઆઈ પરિવારો દ્વારા ગામના વિવિધ વિકાસ અને સામાજિક કાર્યોમાં સહયોગ આપવામાં આવે છે. સ્થાનિક નેતૃત્વ, ગ્રામજનોની સહભાગિતા અને વતનપ્રેમી પરિવારોના સહકારના ત્રિવેણી સંગમથી કાસોરે વિકાસની આગવી ઓળખ ઊભી કરી છે.




### ગ્રામ પંચાયત ટીમ

**સરપંચ** કંચનબેન કાન્તીભાઈ પરમાર, **ડેપ્યુટી સરપંચ** બાલુબેન ભાનુભાઈ પરમાર, **સભ્યો-** ગંગાબેન મનોજભાઈ તળપદા, રંજનબેન પ્રતિકભાઈ મહિડા, ધર્મિષ્ઠાબેન મનુભાઈ પરમાર, નંદાબેન પ્રવિણભાઈ રોહિત, રેખાબેન અરવિંદભાઈ પ્રજાપતિ, વિશાલભાઈ ભાનુભાઈ પરમાર, મહેશભાઈ શંકરભાઈ પરમાર, મહેશભાઈ ફતાભાઈ પરમાર, પ્રભાતભાઈ પસાભાઈ પરમાર, દિલીપભાઈ ચિમનભાઈ પરમાર, મગનભાઈ શનાભાઈ પરમાર, બાલુબેન ભાનુભાઈ પરમાર, રમીલાબેન ભગુભાઈ પરમાર, લક્ષ્મીબેન બાબુભાઈ પરમાર, ગીતાબેન વિજયભાઈ પરમાર, ઈલાબેન અર્જુનભાઈ પરમાર

# દૂધ ઉત્પાદક સહકારી મંડળી પશુપાલકો માટે આવકનું મહત્વનું માધ્યમ બની છે

આણંદની વિશ્વપ્રસિદ્ધ 'શ્વેતક્રાંતિ'ના મોડેલ પર સહકારી ભાવનાને કેન્દ્રમાં રાખીને કાર્યરત કાસોર દૂધ ઉત્પાદક સહકારી મંડળી ગામના પશુપાલકો માટે આવકનું મહત્વનું માધ્યમ બની છે. દૂધ ઉત્પાદન સાથે જોડાયેલા પરિવારોને આર્થિક રીતે મજબૂત બનાવવામાં મંડળીની ભૂમિકા નોંધપાત્ર બની રહી છે. ખાસ કરીને મહિલાઓ પણ પશુપાલન અને દૂધ ઉત્પાદનની કામગીરીમાં સક્રિય સહભાગી બની પરિવારની આવકમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.

કાસોરની દૂધ ઉત્પાદક સહકારી મંડળી આધુનિક માળખાકીય સુવિધાઓથી સજ્જ છે. ગામના પશુપાલકો દ્વારા ઉત્પાદિત દૂધના વ્યવસ્થિત સંગ્રહ અને સહકારી વ્યવસ્થા મારફતે તેનું સંચાલન થવાથી દૂધ ઉત્પાદકોને સંગઠિત પ્લેટફોર્મ મળે છે. વ્યક્તિગત રીતે દૂધ વેચાણ કરવાને બદલે સહકારી ધોરણે જોડાઈને સામૂહિક રીતે કામગીરી કરવાની ભાવનાએ મંડળીના વિકાસને વેગ આપ્યો છે.

મંડળીનું સંચાલન સહકારી નિયમો અને વ્યવસ્થાઓને અનુસંધાને કરવામાં આવે છે. દર પાંચ વર્ષ માટે વ્યવસ્થાપક કમિટીની રચના કરવામાં આવે છે અને ચૂંટાયેલા સભ્યો સતત પાંચ વર્ષ સુધી મંડળીના વહીવટની જવાબદારી સંભાળે છે. સભાસદોના હિતને કેન્દ્રમાં રાખીને પારદર્શક રીતે મંડળીનું સંચાલન થાય તે માટે સહકારી માળખું મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

મંડળી દ્વારા માત્ર દૂધના વ્યવસાય પૂરતું જ કાર્ય મર્યાદિત રાખવામાં આવ્યું નથી, પરંતુ સભાસદોની સુરક્ષા અને કલ્યાણને પણ મહત્વ આપવામાં આવ્યું છે. મંડળીના સભાસદોને રૂ. બે લાખની અકસ્માત વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આ સુરક્ષા વ્યવસ્થા પશુપાલક પરિવારો માટે મુશ્કેલીના સમયે આર્થિક આધારરૂપ બની શકે છે.

કાસોરની દૂધ મંડળી સહકાર, પરસ્પર વિશ્વાસ અને સામૂહિક પ્રગતિના સિદ્ધાંતોને સાકાર કરતી સંસ્થા તરીકે ગામના પશુપાલકોને સંગઠિત કરી રહી છે. 'એકના વિકાસમાં સૌનો વિકાસ'ની સહકારી ભાવનાથી આગળ વધતી આ મંડળી ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવવામાં પણ પોતાનું યોગદાન આપી રહી છે.



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)